# રિલેશનશીપ માટે એક એવી વ્યક્તિ જોઇએ જે મારા કામ ને સહન કરે

# અદિવિ સેષ



શો-બાજ

**અદિવિ સેષ માત્ર એક એક્ટર જ નહીં, પરંતુ એક કુશળ રાઇટર અને ડાયરેક્ટર પણ છે, અદિવિએ ભારતીય સિનેમામાં પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. 'ક્ષણમ', 'ગૂઢાચારી' અને 'એવરુ' જેવી ફિલ્મો દ્વારા તેમણે સાબિત કર્યું છે કે તેઓ સસ્પેન્સ અને થ્રિલરનો માસ્ટર છે. ૨૦૨૨માં આવેલી 'મેજર' ફિલ્મ દ્વારા તેણે સમગ્ર દેશનું દિલ જીતી લીધું અને હિન્દી બેલ્ટમાં પણ લોકપ્રિયતા મેળવી. 'ડકૈત' ફિલ્મ સાથે ફરી એકવાર નવા અવતારમાં ધૂમ મચાવવા તૈયાર છે. ત્યારે ચાલો વધું જાણીએ અદિવી વિશે......**

**અદિવિ, તમે હંમેશા ગંભીર અને મિશન પર નીકળેલા પાત્રો ભજવ્યા છે. શું 'ડકૈત'માં તમે ખરેખર કોઈને લૂંટવા નીકળ્યા છો?**

(ખડખડાટ હસતા) હા, આ વખતે હું માત્ર બેંક કે સોનું લૂંટવા નથી નીકળ્યો, પણ પ્રેક્ષકોના દિલ લૂંટવાનો ઈરાદો છે! સાચું કહું તો, 'ડકૈત' એ જૂની ફિલ્મો જેવી ડાકુઓની વાર્તા નથી. આમાં હું એક એવો પ્રેમી છું જે સંજોગોવશાત બળવો કરે છે. એટલે હા, ગંભીરતા તો છે, પણ આ વખતે એમાં રોમેન્ટિક 'તડકો' જબરદસ્ત છે!

**સેટ પરનો માહોલ કેવો રહેતો?**

લોકો માને છે કે હું બહુ શિસ્તબદ્ધ અને બોરિંગ છું, પણ શનાયા સાથે કામ કરતી વખતે અમને ખૂબ મજા આવી. તે જ્યારે સેટ પર આવી ત્યારે તેને લાગ્યું કે હું કોઈ 'પ્રોફેસર' જેવો હોઈશ જે સ્ક્રિપ્ટ લઈને બેસી રહેતો હશે, પણ બે દિવસમાં તેને ખબર પડી ગઈ કે મને પણ જોક્સ કરવા અને સેટ પર પિઝા મંગાવવા એટલા જ ગમે છે. અમારી કેમેસ્ટ્રી 'ટોમ એન્ડ જેરી' જેવી છે, જે પડદા પર ઇન્ટેન્સ લવ સ્ટોરીમાં બદલાઈ જશે.

**તમે સ્ક્રિપ્ટ રાઈટર પણ છો. શું ક્યારેય એવું બન્યું છે કે શૂટિંગ દરમિયાન તમે તેને ત્યાં જ બદલી નાખ્યો હોય?**

ઘણીવાર! પણ હું માનું છું કે ફિલ્મ એ ડિરેક્ટરનું માધ્યમ છે. હું ડિરેક્ટરની મંજૂરી વગર કંઈ બદલતો નથી. પણ હા, 'ડકૈત'ના એક એક્શન સીનમાં મને લાગ્યું કે મારે ડાયલોગ બોલવાને બદલે માત્ર આંખોથી વાત કરવી જોઈએ, કારણ કે ડાકુ હંમેશા બોલીને નહીં, પણ ધાક જમાવીને કામ કરે છે. અમે એ ફેરફાર કર્યો છે.

**તમારી ફિલ્મોમાં એક્શન અને થ્રિલરનું તત્વ હોય જ છે. 'ડકૈત'માં શું નવું છે?**

આ ફિલ્મ 'ગંદા' (Raw) અને 'સાચા' (Real) એક્શન પર આધારિત છે. આમાં કોઈ સુપરહીરો જેવા સ્ટન્ટ્સ નથી કે હવામાં ઉડતી ગાડીઓ નથી. જો મારો હાથ પથ્થર પર અથડાય છે, તો દર્શકોને એનો દુખાવો અનુભવાશે. આ એક 'માટીની વાર્તા' છે. મને લાગે છે કે ડિજિટલ યુગમાં લોકો હવે વાસ્તવિકતા જોવા માંગે છે.

**તમને હિન્દી ફિલ્મોમાં કામ કરવાની કેટલી મજા આવે છે?**

મને લાગે છે કે ભાષા માત્ર એક માધ્યમ છે, લાગણીઓ તો વૈશ્વિક છે. હિન્દીમાં કામ કરતી વખતે મને મજા એ આવે છે કે હું ભારતભરના લોકો સાથે સીધો સંવાદ કરી શકું છું. અને હા, મુંબઈનું વડાપાઉં અને હૈદરાબાદની બિરયાની - બંને સેટ પર હોય ત્યારે કામ કરવાની ડબલ મજા આવે છે!

**જો તમારે વાસ્તવિક જીવનમાં કોઈ ડકૈત બનવું હોય, તો તમે શું લૂંટવાનું પસંદ કરશો?**

(ચપટી વગાડતા) લોકોનો સમય! જો લોકો પોતાના જીવનના અઢી કલાક મારી ફિલ્મ જોવા માટે આપે, તો એ મારા માટે સૌથી મોટી લૂંટ છે. હું ઈચ્છું છું કે દર્શકો સિનેમા હોલમાં આવે ત્યારે બધું ભૂલી જાય અને માત્ર મારી વાર્તામાં ખોવાઈ જાય.

**તમે તમારા લુક પર ઘણી મહેનત કરી છે. આ 'રફ લુક' માટે કેટલા કલાકો મેકઅપમાં વીતાવતા?**

સાચું કહું તો, આ ફિલ્મમાં મારે 'મેકઅપ' કરવાને બદલે 'મેકઅપ ઉતારવો' પડતો હતો! અમારે લુકને નેચરલ રાખવા માટે ચહેરા પર ધૂળ અને પરસેવો બતાવવો પડતો. ક્યારેક તો શૂટિંગ પછી ઘરે જાઉં ત્યારે મારી મમ્મી પણ મને ઓળખી શકતી નહીં! આ લુક પાછળનો હેતુ એ હતો કે અદિવિ શેષ ન દેખાય, પણ માત્ર 'ડકૈત' જ દેખાય.

**તમારા ફેન્સ તમને 'સસ્પેન્સ કિંગ' કહે છે. 'ડકૈત' માં કોઈ મોટો ટ્વિસ્ટ છે જે તમે અત્યારે કહી શકો?**

જો કહી દઉં તો એ સસ્પેન્સ શેનું? (હસતા હસતા) પણ એટલું કહીશ કે ઇન્ટરવલ પહેલા એક એવો સીન છે જે તમને ખુરશી પકડી રાખવા મજબૂર કરી દેશે. આ લવ સ્ટોરીમાં એક એવું વળાંક છે જે કોઈએ ધાર્યું નહીં હોય.

**શું રિયલ લાઈફમાં કોઇ દિલની લૂંટ કરી ગયું છે?**

અત્યારે તો મારું દિલ મારી સ્ક્રિપ્ટો અને મારા કેમેરા પાસે છે! જ્યારે કોઈ એવી વ્યક્તિ આવશે જે મારા કામને સહન કરી શકશે, ત્યારે ચોક્કસ જણાવીશ. અત્યારે તો હું માત્ર ફિલ્મો સાથે જ 'રિલેશનશિપ'માં છું.

**ગુજરાતી પ્રેક્ષકો જેઓ તમને 'મેજર'થી ખૂબ પ્રેમ કરે છે, તેમને શું સંદેશ આપશો?**

'ખૂબ ખૂબ આભાર!' ગુજરાતની મહેમાનગતિ અને ત્યાંનું જમણું મને બહુ ગમે છે. 'ડકૈત' તમારા માટે એક ખાસ ભેટ છે. ફિલ્મ જુઓ અને મને સોશિયલ મીડિયા પર જણાવજો કે કેવી લાગી. આવજો! ●

# સત્ય અને મહોરા વચ્ચેની રેખા ધૂંધળી કરનાર 'બહેરૂપિયો'

અપકમિંગ

ગુજરાતી પ્રેક્ષકો હવે માત્ર કોમેડી ફિલ્મો સુધી સીમિત નથી રહ્યા. તેમને 'વશ', 'હેલ્લારો' અને 'કસુંબો' જેવી ગંભીર અને અલગ વિષય ધરાવતી ફિલ્મો ગમવા લાગી છે. 'બહેરૂપિયો' પાસેથી પણ આવી જ કંઈક અપેક્ષા રાખવામાં આવી રહી છે.

ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ છેલ્લા કેટલાક વર્ષોમાં વિષયવસ્તુ અને ટેકનિકલ ગુણવત્તાની દ્દષ્ટિએ હરણફાળ ભરી રહ્યું છે. ફિલ્મ 'બહેરૂપિયો' અત્યારથી જ સોશિયલ મીડિયા અને સિનેપ્રેમીઓમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. આ ફિલ્મ માત્ર એક મનોરંજનનું સાધન નહીં, પણ ગુજરાતી સિનેમાની બદલાતી ક્ષિતિજોનું પ્રતીક મનાઈ રહી છે. 'બહેરૂપિયો' શબ્દનો અર્થ થાય છે 'અનેક રૂપો ધારણ કરનાર'. આ ફિલ્મની સ્ટોરી એક એવા વ્યક્તિની આસપાસ ફરે છે જે સામાજિક પરિસ્થિતિઓ અને અંગત સંઘર્ષોને કારણે અલગ-અલગ વેશ ધારણ કરે છે. ફિલ્મમાં સસ્પેન્સ, ડ્રામા અને સામાજિક સંદેશનું સચોટ મિશ્રણ જોવા મળી શકે છે.

પરંપરાગત રીતે બેહરૂપિયાઓ ગામડાઓમાં મનોરંજન પૂરું પાડતા હતા, પરંતુ આ ફિલ્મમાં આ કળાને આધુનિક યુગના સંદર્ભમાં જોવામાં આવી છે. શું તે કોઈ ગુનાહિત કાવતરાનો ભાગ છે? કે પછી પોતાની ઓળખ છુપાવીને કોઈ ઉમદા કાર્ય કરી રહ્યો છે? આ રહસ્ય પ્રેક્ષકોને અંત સુધી જકડી રાખશે. આ ફિલ્મનું ડાયરેક્શન રાજા સંજય ચોક્સી દ્વારા કરવામાં આવ્યું છે. તેઓ આ ફિલ્મના રાઈટર અને એડિટર પણ છે. 'બહેરૂપિયો'માં ગુજરાતના ફેમસ એક્ટરો લિડ રોલમાં કિજંલ રાજપ્રિયા, જયેશ મોરે, મૌલિક ચૌહાણ, ડેનિશા ઘુમરા, આશિમા વર્ધન વગેરે જોઈ શકાય છે. બેહરૂપિયો' વર્ષની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એક સાબિત થઈ શકે છે. જો તમે ગુજરાતી સંસ્કૃતિની સાથે આધુનિક સ્ટોરીટેલિંગના ચાહક હોવ, તો આ ફિલ્મ તમારી 'મસ્ટ વોચ' લિસ્ટમાં હોવી જોઈએ. આ ફિલ્મ સાબિત કરશે કે જો વાર્તા દમદાર હોય, તો ભાષા ક્યારેય અવરોધ બનતી નથી. આ ફિલ્મ બોલિવૂડની ફિલ્મોને ટક્કર આપી શકશે? ●

> **પરંપરાગત રીતે બેહરૂપિયાઓ ગામડાઓમાં મનોરંજન પૂરું પાડતા હતા, પરંતુ આ ફિલ્મમાં આ કળાને આધુનિક યુગના સંદર્ભમાં જોવામાં આવી છે. શું તે કોઈ ગુનાહિત કાવતરાનો ભાગ છે? કે પછી પોતાની ઓળખ છુપાવીને કોઈ ઉમદા કાર્ય કરી રહ્યો છે?**




# હનીસિંહે બાદશાહને કર્યો ટાર્ગેટ ?



કોલ્ડવૉર

જ્યારે પણ 'પંજાબી રેપ' અને 'પાર્ટી એન્થમ'ની વાત આવે, ત્યારે સૌથી પહેલું નામ હની સિંહનું આવે છે અને બાદશાહ તેવો એ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં રિવોલ્યુશન લાવીને રેપ મ્યુઝિકને ગલી-ગલી સુધી પહોંચાડ્યું.

તેમના ગીતોના શબ્દો અને અન્ય સિંગરો બાદશાહ અને રફ્તાર સાથેના ઝઘડાઓ હંમેશા ચર્ચામાં રહ્યા છે.

હની સિંહ અને બાદશાહ વચ્ચેનો ઝઘડો ભારતીય મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના સૌથી જાણીતા વિવાદોમાંનો એક છે. આ કોઈ શારીરિક લડાઈ નથી, પરંતુ 'કોલ્ડ વોર' અને શબ્દોની લડાઈ છે જે વર્ષોથી ચાલી રહી છે.

હાલમાં જ હની સિંહ એક કોન્સર્ટમાં બાદશાહને ટાર્ગેટ કરીને ઑડિયન્સ સામે પોતાના કમબેકની વાત કરતો જોવા મળ્યો છે.

વર્ષ ૨૦૨૪માં એક કોન્સર્ટ દરમિયાન બાદશાહે નરમ વલણ અપનાવતા કહ્યું હતું કે, 'હું હની સિંહ પ્રત્યે કોઈ દ્વેષ રાખવા માંગતો નથી, તેમણે મને ઘણું શીખવ્યું છે.'

જોકે, હની સિંહે આ માફીનો સ્વીકાર કર્યો નથી. હની સિંહે તાજેતરના ઈન્ટરવ્યુમાં બાદશાહને 'ફ્લિપર' કહ્યો અને આરોપ લગાવ્યો કે જ્યારે તેમની તબિયત ખરાબ હતી, ત્યારે બાદશાહે તેમની મજાક ઉડાવી હતી.

દિલ્હી હાઈકોર્ટે તેમના જૂના ગીત 'વોલ્યુમ ૧'ના વાંધાજનક શબ્દો માટે બંને સિંગરોને નોટિસ ફટકારી છે. આ લડાઈ હવે માત્ર અંગત રહી નથી પરંતુ કાયદાકીય વળાંક પણ લઈ રહી છે.

આ વિવાદમાં મનોરંજક તથ્ય એ પણ છે કે, આટલી દુશ્મનાવટ હોવા છતાં, આજે પણ ફેન્સ સોશિયલ મીડિયા પર બે ભાગમાં વહેંચાયેલા છે. એક તરફ 'Honey 3.0'ના ચાહકો છે જે માને છે કે પાજી હંમેશા કિંગ રહેશે અને બીજી તરફ બાદશાહના ફેન્સ છે જે તેના સતત હિટ ગીતો અને વિનમ્ર સ્વભાવના વખાણ કરે છે.

બાદશાહ સુલેહ કરવા માંગે છે (અથવા દેખાવ કરે છે). હની સિંહ હજુ પણ નારાજ છે અને માને છે કે બાદશાહે તેમની સાથે દગો કર્યો છે.

આ બંને વચ્ચેની દુશ્મનાવટ હજુ પણ સંગીતના શોખીનોમાં ચર્ચાનો વિષય બનેલી છે. ૨૦૧૨માં જેઓ સાથે હતા, તેઓ આજે એકબીજા સામે જોવાનું પણ પસંદ કરતા નથી, પણ કાયદાએ તેમને ફરી એક જ કતારમાં લાવીને ઊભા કરી દીધા છે. સંગીતની દુનિયામાં ગજગ્રાહ: પ્રોફેશનલ ક્રેડિટ અને ઈગો મોટામાં મોટી મિત્રતાને પણ દુશ્મનાવટમાં બદલી શકે છે.

તમારા મતે, શું આ બંને સિંગર્સે ભવિષ્યમાં ક્યારેય સાથે આવવું જોઈએ, કે પછી આ અંતર જ ઠીક છે? ●

